






ખૂટે આપસી વિશ્વાસ, શંકાનાં બીજ ફૂટે છે,
સત્તા મળ્યા પછી બધા નેતા એજ રૂટે છે,
તૂટે સંયમના બંધ, ટૂટે 'વિશ્વાસ' થી સંબંધ -
'આમ આદમીને' ચૂંટીને પ્રજા માથાં કૂટે છે




આમ આદમી -
'વિશ્વાસ' લૂંટ્યો,
યાદવા સ્થળી થી જ

પછી 'વિશ્વાસ' ફૂટ્યો -
વેર-વિખેર
'વિશ્વાસ' ખૂટ્યો..

## ચિંતન

**સ્વભાવેન હિ તુષ્યન્તિ દેવાઃ સત્પુરુષાઃ પિતા ।**
**જ્ઞાતયત્સવન્ન પાનેન વાક્ય પ્રદાનેન પંડિતાઃ ॥**

'દેવતાઓ-સજ્જન સંતપુરુષો અને વડીલો પિતા, માણસ (પુત્ર)ના સારા સ્વભાવથી જ સંતુષ્ટ થઇ જાય છે, જ્ઞાતિજનો ને નાતવરો જમાવડાથી પ્રસન્ન થાય છે અને વિદ્વાન-પંડિતોને યોગ્ય રીતે આદર સત્કાર-માન સન્માન મળે તો ખૂશ થઇ જાય છે.'

જે લોકો દેવ-સંત જેવા સજ્જન હોય છે એમને સંતાનોના સદ્‌ગુણથી સંતોષ હોય છે એવાં માતા-પિતાને સંતાનોમાં આર્થિક એવી કોઇ જ અપેક્ષા હોતી નથી. બાળકો એમની સંભાળ રાખે, આજ્ઞા પાલક હોય અને વિનમ્ર હોય તો એમને સંતોષ હોય છે. આજકાલના સંતાન જે મા-બાપને 'વૃદ્ધાશ્રમ'ના દરવાજા દેખાડે એના કરતાં માત્ર 'વિનય યુક્ત વાણી' થી માત્ર જવાબ આપે તો પણ આવાં વડીલોને સંતોષ થાય છે.

જ્ઞાતિ જમણની અપેક્ષા રાખનારાને નાતવરો થાય એનો આનંદ હોય છે અને સાચા સાહિત્યકાર પંડિત-વિદ્વાનનું કે એમની કૃતિનું યોગ્ય સન્માન થાય એમાં જ સંતોષ હોય છે.

## સુવિચાર

- જ્ઞાનનું ઘમંડ સહુથી મોટી અજ્ઞાનતા છે અને પોતાની અજ્ઞાનતાની સીમાને જાણવી એ જ સાચું જ્ઞાન છે - **જ્ઞાનસૂત્ર**
- પોતે જાતે જ માનવીય અભીગમથી જીવવાનો પ્રયત્ન કરવો.. જો એમાં સફળતા મળી તો સમજો દરેક કામમાં સફળતા મળશે જ - **એસ. ભટ્ટાચાર્ય**
- દુઆ જુબાં સે નહીં દિલ સે નિકલતી હૈ; ક્યોંકિ દુઆ તો ઉનકી ભી કબૂલ હોતી હૈ જીન કી જુબાં નહીં હોતી હૈ - **સરફરાજ**
- તમારા કિંમતી મોતીનો હાર ટૂટી જાય તો તેના મોતી વીણવા માટે નીચે નમવામાં કંઇ વાંધો નહીં બસ સંબંધોનું પણ કંઇક એવું જ છે - **કાન્તિ ભટ્ટ**
- દુનિયાનાં સર્વશ્રેષ્ઠ બે જ ક્રિયાપદો.. (૧) પ્રેમ કરવો.. (૨) મદદ કરવી...- **હૃદયસૂત્ર**
- માણસને સોનું જોઇતું હોય તો તેના માટે ઉંડું ખોદકામ કરવું જોઇએ અથવા તેણે ઘાસથી સંતોષ માનવો જોઇએ - **ગુણવંત શાહ**
- જીંદગીમાં ખુશીઓનું શીડ્યુલ ન હોય, આનંદની એપોઇન્ટમેન્ટ ન હોય અને પ્રેમનું પ્લાનિંગ ન હોય - **રજનીશ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ પ્રધાનશ્રીઓ, અધિકારીઓ, પોલીસવાળા વગેરે પોતાની બે નંબરી આવક કોઇ બિલ્ડર સાથે ભાગીદારીમાં 'નાખી દે' છે એમાં નામ-ઠામ કોઇ ભળતાં જ હોય! ચાલાક ભાગીદાર સમજતો જ હોય કે આમાં કયાંક પરસેવાની સુગંધ નથી અને દગો થઇ જાય ચોરના પિતાશ્રીઓ કોઠીમાં બેસી રડ્યા કરે છે..

સિંહ વનરાજ ફરતો ફરતો દરિયા કાંઠે ગયો ત્યાં ડોલ્ફીન માછળી સૂર્યતાપ લેવા થોડીવાર કાંઠે આવી હતી. સિંહને ગમી ગઇ. વાતચીત થઇ મૈત્રી બંધાઇ સિંહ કયારેક વનસ્પતિ લાવતો, માછલી ડોલ્ફીન પણ નાની-મોટી માછલી ભેટ આપતી..

એક વાર દરિયાકાંઠે અલમસ્ત બળદ આવ્યો સિંહે ડોલફીન પાસે રોફ દેખાડવા થોડી ડણક કરી બળદ ઉશ્કેરાયો. સિંહને શિંગડે લીધો. સિંહ ઘાયલ થઇ ગયો. બળદ સિંહને ઘાયલ કરી ગર્વભેર નાશી ગયો.

સિંહ થાક્યો - હાર્યો, ડોલ્ફીન પાસે આવ્યો, કહ્યું - 'તું આવી કદાવર છો પણ મારી મદદે કેમ ન આવી?'

માછલી કહે તમે જાણો તો છો કે હું મારા ક્ષેત્રથી દૂર જઇ શકું નહીં. તમે મને 'વિશ્વાસઘાતી' કહી ન શકો. મૈત્રી કરતાં પહેલાં તમે એ વિચાર કેમ ન કર્યો?! સિંહ પછી કદી દરિયાકાંઠે ન દેખાયો..

Email - sureshchandrabhatt18@gmail.com

# કંઇક તો શિખોને યાર...!! વેકેશનમાં ગિટાર કે તબલાં વગાડવાની રકઝક...!!

**દરિયામાંથી મોજા કાઢી નાંખશો તો બાકી શું વધશે? પંખીડાની પાંખો કાપી નાખશો તો બાકી શું વધશે? એક જ ચીજ બાકી રહી ગઇ છે સકળ જગતમાં, બ્રહ્માંડની પહોળાઇ માપી નાખશો તો બાકી શું વધશે?**

આખું વર્ષ અભ્યાસના બોજ હેઠળ દટાયાં બાદ મનમાં અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ પર્ણ કરવાનો સમય એટલે વેકેશન. પોતાની રજાઓ, પોતાની ઈચ્છાઓ લઈને બાળકો ફ્રી પડે એટલે જો વિવિધ પ્રવૃત્તિ કે હુન્નર દ્વારા રજાઓનો સદુપયોગ થાય તો સારું એવું દરેકના વાલીઓને લાગતું હોય છે... વેકેશન માત્ર ટી.વી., ટોળટપ્પાં કે ફાલતુંના કામોમાં બરબાદ ન થાય એ માટે દરેકના ઘરમાં, કંઇક તો શિખો ને યાર, કહીને ચર્ચાઓ ચાલુ હોય છે... બે અલગ ઘરના કિસ્સા પૈકી પ્રથમ જે લગભગ મોટા ભાગના ઘરે સાંભળવા મળે છે તે અને બીજો ખૂબ ઓછા ઘરે ચર્ચાય છે, તે તમને જે વ્યાજબી લાગે એ પ્રમાણે વર્ણવું...

પપ્પા : તું જરા એક જગ્યાએ પાંચ મિનિટ શાંત બેસીશ?

સાર્થક : પણ, હવે અમારી પરીક્ષા પતી ગઈ છે.

પપ્પા : અરે હા, પણ એટલે શું ઘરમાં ધીંગામસ્તી જ કર્યા કરવાની?

સાર્થક : પણ, હું કયાં મસ્તી કરું છું?

પપ્પા : અરે વાહ, એટલે હવે તું મને સામા પ્રશ્નો પૂછવાનો એમને? તું જરા આ વેકેશનમાં શું કરવાનો છે? એ તો કહે.

સાર્થક : ખાશ કશું નહીં પપ્પા, બસ હરીફરીને મજા કરીશું.

પપ્પા : અરે ગાંડા, આટલી બધી રજાઓ છે, તો જરા તબલાં શિખને?


સાર્થક : ના, પપ્પા માટે નથી શિખવા તબલાં.




પપ્પા : અરે, બેટા મને નાનપણમાં તબલાં વગાડવાનો બહુ શોખ હતો અને શિખવાય હતા, પણ મારા પપ્પા એ શિખવા માટે ભરવી પડતી ફીના પૈસા નહોતા. અમે માંડ ખાવા ભેગા થતાં એમાં આવા શોખ કરવા પોસાય એવાં નહોતા...

સાર્થક : પણ, પપ્પા...

પપ્પા : અરે, મને તબલાં વગાડવાં એટલે ગામતાં કે રેડિયો પર ગીત વાગે એટલે ઘરના લાકડીની ડેસ્ક પર તબલાં વગાડી વગાડી મારી આંગળીઓ સૂજી જતી. પણ પછી કયારેક ન તો તબલાં શિખવાનો સમય મળ્યો કે ન તો ઈચ્છા પણ થઈ...



સાર્થક : શું પપ્પા તમેય? આજકાલ કોઈ તબલાં-બબલાં વગાડતું નથી, એ કોણ વર્ષો સુધી ધા તીન ટીચ્યાં કરે!

પપ્પા : ખબરદાર જો આડુંઅવળું બોલ્યો છે. ખબર પડતી નથી. તબલાં જેવું કોઇ વાદ્ય નથી, કયારેક ઝાકીર હુસેનને સાંભળ, અરે કંઇ નહીં તો ગીતોમાં વાગતાં તબલાં સાંભળષ ખબર પડશે. તબલાં વગાડવા જેવી અને સાંભળવા જેવી કોઇ મજા જ નથી.

સાર્થક : પપ્પા, હું આ વેકેશનમાં ગિટાર શિખું?

પપ્પા : ગિટાર? હરે હટ, કંઇક અસ્સલ હિંદુસ્તાની વાદ્ય શિખને તબલાં, ફ્લ્યુટ કે પછી પેટી.

સાર્થક : પેટી? પેટી એટલે શું? તમને આવડે છે એ પેટી નામનું વાદ્ય વગાડતાં?

પપ્પા : એમાં ન આવડવા જેવું શું છે? અમે નવરાત્રીમાં આરતીમાં તબલાં - પેટી લઈને જય આદ્ય શક્તિ આરતી ગાતા હતા.

સાર્થક : પપ્પા, આપડાં પેલા માળીયામાં દાદાજીની પતરાની પેટી પડી છે એ કાઢીને મને વગાડી બતાવોને?

પપ્પા : (કપાળ પર હાથ ઠોકીને) ઓ મૂરખ એ પેટી જુદી અને પેલી વગાડવાની જુદી, એને હાર્મોનિયમ કહેવાય... મરવા દે એને, એક કામ કર તું નાટકની શિબિરમાં જા.

સાર્થક : કેમ?

પપ્પા : કેમ એટલે? એ ૧૫ દિવસની છે. તું એકદમ બીજી રહીશ અને મમ્મીને પણ ઘરમાં કરવામાં શાંતિ મળશે.

સાર્થક : મને નથી ગમતું આ નાટક-બિટક...

પપ્પા : હું સ્કૂલમાં હતો ત્યારે મને કયારેય નાટકમાં ચાન્સ મળ્યો નહી, નહીં તો હું ચોક્કસ હીરો બન્યો હોત. બેટા યુ આર લુકીંગ હેન્ડસમ, નાટકમાં લાગી જા જોરદાર ચમકીશ.

સાર્થક : પણ મારે ગિટાર શીખવી છે. નાટક નહીં. મેં બજાઉંગા ઔર લોગ નાચેંગે...

પપ્પા : નકામી રકઝક કરીશ નહીં. ચણા છે ત્યાં દાંત નથી અને દાંત છે ત્યાં ચણા નથી, એવું જ થયું છે આ બધું હવે.

સાર્થક : પપ્પા, એટલે શું? ગિટાર વગાડતાં મારે ચણા શું કામ ખાવાનાં?.

પપ્પા : અરે, બેટા મારે તબલાં શિખવા હતાં તો અમારી જોડે ફીના પૈસા નહોતાં, હું તને જોઈએ તેટલી ફી ભરી તબલાં શિખવવા તૈયાર છું, તો તારે શિખવા નથી.

સાર્થક : પણ મારે ગિટાર શિખવી છે, તો તબલાં કેમ શિખું?

પપ્પા : પાછું એ જ, લોકોને નચાવવા ગિટાર શિખવી છે?

સાર્થક : પપ્પા, ગિરાટ વાગે એટલે જ લોકો નાચવા લાગે, તમે ફિલ્મોમાં જોતાં નથી, તબલાં પર કોણ નાચવાનું? કોઠાવાળી?

પપ્પા : શાબાશ, એટલે કાલે તું ઘરમાં ગિટાર વગાડીશ અને અમે નાચીશું?

સાર્થક : યસ, પપ્પા યુ વિલ એન્જોય ઈટ.

પપ્પા : બસ થયું હવે, મેં બહુ સાંભળી લીધું તારું, અમે અમારા મા-બાપ સામે એક હરફ પણ નહોતા ઉચ્ચારતાં, તમે તો આર્ગ્યુમેન્ટ કરવા ઊતરી પડો છો. આપણું સભ્ય અને સંસ્કારી ઘર છે. આપણાં ઘરમાં તબલાં વાગશે, પેટી વાગશે, સિતાર વાગશે પણ ગિટાર-ફિટાર તો નહીં જ વાગે! છાનોમાનો તબલાં શિખવા લાગી જા, ખબર પડી? જો કંઇ ઉનાગુના કર્યા છે તો બે આપીશ અડબોચાની!

સાર્થક : પણ....

પપ્પા : બસ... મેં આવતીકાલથી તબલાં ઉસ્તાદ આમીરને ત્યાં તારું પાક્કું કર્યું છે, લાગી પડજે...

●●●

હવે બીજા ઘરનો એક કિસ્સો જે, બહુ ઓછા ઘરમાં જોવા મળે છે, એ પણ જોઈ લઈએ...

પપ્પા : તું જરા એક જગ્યાએ પાંચ મિનિટ શાંતિથી બેસીશ?

સર્જક : પણ હવે તો અમારી પરિક્ષા પતી ગઈ છે, પપ્પા.

પપ્પા : મને ખબર છે. એટલે તો તને કહું છું કે, પાંચ મિનિટ શાંત બેસ. આપણે જરાં ચર્ચા કરવી છે.

સર્જક : પપ્પા, હવે હું આખો દિવસ રમવાનો જ છું હોં, પહેલેથી જ કહી દઉ છું.

પપ્પા : હા, હા, રમને, મેં કયારે ના પાડી? પણ મને એમ કહે કે, આ વેકેશનમાં આખો દિવસ રમવું જ છે કે પછી સ્કૂલ ચાલુ હતી ત્યારે જે જે મજાની વાતો કરવાની રહી ગઈ, સમય મળ્યો નહીં, એ હવે કરવી છે?

સર્જક : હા, એટલે શું? હજુ કંઇ મજાની વસ્તુ કરવાની?

પપ્પા : હું તને ૧૦૦ આઈડિયા આપીશ, પણ...

સર્જક : પણ શું?

પપ્પા : સજેશન આપવાનું કામ મારું, કરવું કે નહીં, એ તારે જ નક્કી કરવાનું, પણ એક શરત પર!

સર્જક : હવે આમાં શરત કેવી?

પપ્પા : અરે સર્જક, એટલે તું જે વાત નક્કી કરે છે એ છેક સુધી પાર પાડવાની. કંઇ મદદની જરુર પડે તો હું બેઠો છું, ચિંતા ન કરતો.

સર્જક : ઓકે, કહો, પણ એક સાથે ૧૦૦ વાતો ન કહેતા.

પપ્પા : પહેલાં હું તને પાંચ વાતો જ કહું છું. એમાંથી તને બીજી ૧૦ વાતો સુજશે. એના પર આપણે વિચાર કરીશું અને પછી આગળનો પ્લાન નક્કી કરીશું.

સર્જક : યસ, ડન પપ્પા!

પપ્પા : ગરમીમાં કેરી, તરબૂચ, સક્કરટેટી, પપૈયા, કાકડી એવા ફળો મળે છે. આ બધા ફળોને કાપવાની રીત અલગ છે. તું આ ફળો કાપવાનો પ્રયોગ કરીને શીખી લે.

સર્જક : પણ પપ્પા, આ પહેલાં મેં કયારેય તરબૂચ, સક્કરટેટી, કેરી કાપ્યાં જ નથી, એટલે મારી ભૂલ થવાની શક્યતા છે.

પપ્પા : થવાં દેને ભૂલ, ભૂલ કરીશ તો એમાંથી જ શિખીશ. બધાં એમ જ શિખતાં હોય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જે પીડાની અનુભૂતિ તેને પેલા ભિખારીને જોઇને થઇ હતી એવી જ અથવા તો તેનાં કરતાં પણ કંઇક વધુ તેને પેલા છોકરાને જોઇને થઇ

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

વાત એ દિવસોની છે. જયારે તે આઠમા ધોરણમાં ભણતી હતી. તેના કુટુંબમાં તે એકની એક દીકરી હતી. તેનું નામ ચેતના. નાનું, સુખી અને પરિપૂર્ણ કહેવાય એવું કુટુંબ. તે ઘરમાં સૌની લાડકી હતી.

સમય તેના લય મુજબ ચાલતો હતો. તેણે કયારેય દુઃખનો અનુભવ કર્યો ન હતો. કદાચ તેને તેના અર્થની પણ ખબર ન હતી. પરંતુ એક દિવસ એ સ્કૂલે જતા રસ્તે પસાર થતી હતી. તે દિવસ જાણે કે સામાન્ય દિવસો જેવો જ હતો. તેણે જોયું કે એક છોકરો જેની ઉંમર માંડ બાર વર્ષ જેટલી હશે. તે પોતાના નાજુક અને નાનકડા હાથે શેરડીનો રસ કાઢવા માટેનો લાકડાંનો ચીચુડો ચલાવતો હતો. ગરમીના કારણે તેને પરસેવો વળતો હતો. તે વારંવાર શર્ટની બાંયથી લૂંછતો હતો.

તેને બહુ આશ્ચર્ય થયું. કેમ કે આજ પહેલાં તેને આવડા નાના છોકરાને આવું કામ કરતાં કયારેય જોયો ન હતો. તેની ઉંમરનાં અને તેનાથી નાનાં હોય એવાં બાલકો ભણવામાં મશગુલ હતા. કોઇ પણ બાળક આ રીતે મહેનત કરતું દેખાતું નહીં. તે દિવસે તેણે તેને પહેલીવાર જોયેલો. કદાચ તે આ શહેરમાં નવો નવો આવ્યો હતો. રોજ તેને વિચાર આવતો કે તેની સાથે વાત કરું. પણ તેની વાત મનની મનમાં જ રહી જતી અને શાળાએ પહોંચી અભ્યાસમાં ધ્યાને કેન્દ્રીત કરતી.

આ પહેલાં હું તમને એક વાત કરી દઉં. જે દિવસે તેણે પેલા છોકરાને જોયો તેના થોડા દિવસ પહેલાં એ શાળામાં જતી અને શાળામાં કલાસ શરુ થતાં શિક્ષિકાએ સૌને એક વિષય આપ્યો અને તેના પર નિબંધ લખી લાવવા કહેલું. એ વિષય હતો -દુખ કે કષ્ટ.

તેને તો એનો અર્થ પણ ખબર ન હતી. પછી એ કઇ રીતે કહી શકે કે દુઃખ કે કષ્ટ શું હોય છે? મેં તમને પહેલાં કહ્યું એમ કે ખુબ સમૃદ્ધ કુટુંબમાં જન્મી હતી. જેને દુઃખ કે કષ્ટ સાથે કોઇ નિસ્બત ન હતી. તેને આ નિબંધ બીજા દિવસે શાળામાં બતાવવાનો હતો. શાળા છૂટતાં એ ઘરે પહોંચી. તેણે મમ્મીને પુછ્યું, 'મમ્મી કષ્ટ એટલે શું? મમ્મીએ હંસીને કહ્યું, 'બેટાં તારે એનું શું કામ છે. આપણું કુટુંબ સમૃદ્ધ છે. આપણા જીવનમાં કોઇ કષ્ટ નથી. આપણું સુખી સંપન્ન કુટુંબ છે. હવે તે આગળ શું બોલે. તે મૌંન રહી. પપ્પા અને દાદીમાં તે દિવસે વતનના ગામડે ગયાં હતા. તેથી આ અંગે હવે પુછવું પણ કોને.'

તે નિરાશ થઇ ગઇ. તેને નિશ્ચય કર્યો કે કાલે જે થશે તે જોયું જશે. એમ વિચારતી એ સુઇ ગઇ. બીજે દિવસે સવારે તે ઉઠીને તૈયાર થઇ સ્કૂલે જવા નીકળતી હતી ત્યાં તેમના ઘરે બારણા બહાર એક વૃદ્ધ માણસને ઊભેલો જોયો. તે ભીક્ષા માટે મમ્મીને વિનવણી કરતો હતો. તેને જોઇને ચેતના એક જુદા જ પ્રકારની પીડાની અનુભૂતિ થઇ. પણ તેને એ વખતે એ વાત સમજાઇ નહીં કે તેને આ કેવો અનુભવ થયો અને કેમ થયો? કેમ કે આજ પહેલાં તેનો બધો જ સમય ભણવા અને રમવામાં જ વ્યતીત થતો હતો. મમ્મીએ તેને ભીક્ષા આપી. તે પણ રોજની જેમ સ્કૂલે જવા નીકળી ગઇ. રસ્તામાં તેણે પેલા છોકરોન ફરી એકવાર જોયો. જે પીડાની અનુભૂતિ તેને પેલા ભિખારીને જોઇને થઇ હતી એવી જ અથવા તો તેનાં કરતાં પણ કંઇક વધુ તેને પેલા છોકરાને જોઇને થઇ. આ પહેલાં પણ એ છોકરાને તેણે ઘણીવખત જોયો હતો. તેને એ સમજાતું નહોતું કે આવો કંઇક જુદા પ્રકારનો અનુભવ તેને કેમ થઇ રહ્યો છે? કેમ તેનાથી આ બધું જોવાતું નથી.

છેવટે તેણે નિશ્ચય કર્યો કે ગમે તે થાય આજે હું તેને બધું પુછીશ. તે આજે તેની નજીક ગઇ અને તેને પુછ્યું. તારું નામ શું છે? તેણે દબાયેલ અવાજે કહ્યું, 'અરુણ.' તેણે કહ્યું તારું નામ સરસ છે. તે કંઇ બોલ્યો નહીં. તેણે ફરી તેની તરફ જોઇ પુછ્યું, 'આટલી મહેનત શું કામ કરે છે? હજું તો તું ઘણો નાનો છે. માસૂમ કંઇ બોલ્યો નહીં. ફરી શેરડીના રસનો ચીચુડો ચલાવવા લાગ્યો.' ચેતનાએ પુછ્યું, 'તને અમારી માફક ભણવાનું મન નથી થતું?'

તેના વધારે આગ્રહને કારણે તે બોલ્યો, 'દીદી હું માં નો એક માત્ર આધાર છું. મારે બે નાની બહેનો અને વૃદ્ધ દાદાજી છે. બાપુ તો એક અકસ્માતમાં અમને છોડીન જતા રહ્યા. હવે આખા કુટુંબનો ભાર મારા ખભે છે.' ચેતનાએ કહ્યું 'આ નાનકડા હાથની હથેળીઓથી ચીચુડો ચલાવતાં તેને પીડાની અનુભૂતિ નથી થતી. આટલી મહેનત કરે છે છતાં તારાં મોં પર સંતોષનો ભાવ છે.' આ સાંભળી એ જોર જોરથી રડવા લાગ્યો. તેને રડતો જોઇને જાણે ચેતના પર પણ દુઃખના ડુંગર તૂટી પડ્યા હોય એમ એ પણ તેની સાથે રડવા લાગી. આમ તો તેની સાથે તેને કોઇ નિસ્બત નહોતી. પણ તે દિવસે તેને તેની પીડા જોઇને કષ્ટની સાચા અર્થમાં અનુભૂતિ થઇ.

ત્યારે તેને ખબર પડી કે રોજ આ છોકરાને જોઇને તેને આવો અનુભવ કેમ થતો હતો. અને કેમ પેલા વૃદ્ધ ભિખારી ને જોઇને તેના મનમાં અજબ પ્રકારનો ભાવ ઉત્પન્ન થયેલો. હવે પીડાને પોતાનાં હૃદયમાં સ્થાન આપવાનું સાહસ તેનામાં જનમવા લાગ્યું હતું. કોઇને કોઇ રીતે હવે તે જીવનની વાસ્તવિકતાને સમજવા લાગી હતી.

તે દિવસે તેણે કષ્ટ એટલે કે દુઃખ અંગે નિબંધ તો લખ્યો. સાથો સાથ તેને એ અનુભવ થયો કે ફક્ત નિબંધ લેખન માટે જ નહીં પણ ખરેખર તેને જીવનમાં કષ્ટ શું છે તેની અનુભૂતિ કરવાનો મોકો મળ્યો.

તે વાત પર ચેતનાએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને જાણ્યું કે જીવન ખુબ કષ્ટોથી ભરેલું છે. દરેક જગ્યાએ સૌ કોઇ કંઇને કંઇ પ્રકારની પીડાનો અનુભવ કરતાં હોય છે. પરંતુ એ દુઃખને મનમાં છુપાવીને બીજા ખુશ થાય તે માટે પોતાના હોઠ પર સ્મિત સાથે ખરા અર્થમાં માનવ ધર્મ નિભાવી રહ્યાં છે. અને પેલાં છોકરા પાસેથી ચેતના એ પણ શિખવા મળ્યું કે પોતાને ગમે તેવું કષ્ટ પડતું હોય છતાં મોં પર સંતોષનો ભાવ તેણે કેવો રાખેલો. હાં તેને ખુબ આગ્રહ કર્યા પછી જ તેણે પોતાના દુઃખ અંગે ચેતનાને જણાવેલું. જો તેની સાથે એ વાત ન કરત તો કદાચ કયારેક તેની કષ્ટની અનુભૂતિ તેને થઇ શકી ન હોત.

# પ્રેમ એટલે સ્વાર્થની રેલગાડી નહીં, લાગણીનું જેટ

**જયારે કોઇ પણ પ્રકારના હેતુ કે આશય કે સ્વાર્થ છુપાયેલો હોય ત્યાં પ્રેમનું ઝરણું ફૂટી શકે નહીં યા તો પ્રેમનું ઝરણું આવા નકારાત્મક ભાવો વ્યક્ત થયા પછી સૂકાતું જાય છે**

**ગુલમહોર**
**- દિનેશ દેસાઇ**

ભગવાન મહાવીરે કહ્યું છે કે દુનિયામાં પ્રેમ, લાગણી, મમતા, કરુણા, દયા અને ભલાઈ માનવજાત માટે ઈશ્વરના આશીર્વાદ છે અને એનાથી વિશેષ મહાન કાર્ય બીજું કોઈ ન હોઈ શકે.

એકવીસમી સદીમાં માણસજાત પાસે તાણતણાવનો જથ્થો અમર્યાદ રીતે વધી પડ્યો છે. માણસ એક બીજાને સ્વાર્થ, નફરત, દ્વેષ, ધૃણા અને ધિક્કારની નજરે જ જોવાનું અધિક પસંદ કરે છે. એમાં પ્રેમ નામનું ઝરણું જાણે સૂકાવા લાગ્યું છે. દરેક જગ્યાએ પ્રેમ, શાંતિ, એકતા, લાગણી, મમતા, કરુણા, દયા અને ભલાઈના સ્થાને નકારાત્મક આવેગ અને નકારાત્મક ભાવ જોવા મળે એવી સ્થિતિ વધુ છે.

પ્રેમ એટલે સ્વાર્થની રેલગાડી નહીં પરંતુ લાગણીનું જેટ પ્લેન. પ્રેમ એક જાદુઈ વનસ્પતિનું કામ કરે છે. પરંતુ પ્રેમ જેવા દિવ્ય ભાવમાં સ્વાર્થની ભેળસેળ થવી જોઈએ નહીં. સ્વાર્થ હોય ત્યાં પ્રેમ ટકી શકે નહીં. જયારે કોઈ પણ પ્રકારના હેતુ કે આશય કે સ્વાર્થ છુપાયેલો હોય ત્યાં પ્રેમનું ઝરણું ફૂટી શકે નહીં યા તો પ્રેમનું ઝરણું આવા નકારાત્મક ભાવો વ્યક્ત થયા પછી સૂકાતું જાય છે.



એક યુવાન અને એક યુવતીની છોટી સી પ્રેમ કહાની છે. એમાં જો કે પ્રેમ ઓછો છે અથવા નથી યા તો પ્રેમનું બાષ્પીભવન થતું જાય છે અને સંબંધ ઉપર સ્વાર્થ કબજો કરી લે છે. એક ગામના નગરશેઠના યુવાન દીકરાને ગામની જ સામાન્ય પરિવારની યુવતી સાથે પ્રેમ થઈ ગયો. યુવતીના માબાપ ગરીબ અને ખેતમજૂર હતા. યુવતી અને યુવક ગામની નજીકના શહેરની કોલેજમાં ભણતા હતા.

બેઉ યુવકયુવતી પોતાનો ડિગ્રી કોર્સ પૂરો કર્યા બાદ લગ્ન કરીને એક નવા જીવનની શરુઆત કરવા માગતા હતા. પ્રેમ અને આગને ઢાંકી શકાય નહીં. પ્રેમ અને આગને છુપાવી ન શકાય. એ તો છાપરે ચઢીને પણ પોકાર કરે. નગરશેઠના યુવાન દીકરા અને પેલી યુવતીના સંબંધ વિશે હવે આખા ગામને ધીમે ધીમે ખબર પડવા માંડી. તરેહ તરેહની ચર્ચાઓ પણ થતી રહેતી.

નગરશેઠે તો એક વાર દીકરાને પાસે બેસાડીને કહી પણ દીધું કે લગ્નસંબંધ સહિત કોઈ પણ સંબંધ હંમેશા બરાબરીવાળા લોકો સાથે જ કરવો જોઈએ. ત્રાજવાના બેઉ પલ્લા સમાન હોય તો જ સમતુલા બેલેન્સ જળવાતું હોય છે. જો એક પલ્લુ નમતું હોય કે ચે જતું હોય તો એવા સંબંધનો અંજામ જલદીથી વિચ્છેદ સિવાય બીજો કોઈ ન હોઈ શકે.

પિતાની વાત તો સાચી હતી, પરંતુ દીકરો પોતાના પ્રેમ પ્રત્યે મક્કમ અને વફાદાર પણ હતો. હવે આ તરફ એવું બન્યું કે કોલેજના ડિગ્રી કોર્સ પછી કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા. એમાં નગરશેઠના દીકરાને અને તેને ચાહનારી યુવતીને પણ એવરેજ પેપેકેજની જોબ ઓફર મળી. આ જ વખતે તેમની સાથે જ ભણતા એક તેજસ્વી યુવાનને સૌથી મોટા પે પેકેજની જોબ ઓફર મળી, જે તેણે સ્વીકારી લીધી.

ડિગ્રી કોર્સમાં કોલેજમાં જ નહીં, સમગ્ર યુનિવર્સિટીમાં એ યુવાન પ્રથમ આવ્યો હતો. જેને પેલી યુવતી પણ સારી રીતે ઓળખતી હતી અને તેના સંપર્કમાં પણ હતી. એમ કહી શકાય કે તેજસ્વી યુવાન નગરશેઠના દીકરાનો મિત્ર હતો એવી જ રીતે નગરશેઠના દીકરાને ચાહતી યુવતીને પણ એ તેજસ્વી યુવાન સાથે મિત્રસંબંધ હતો જ.

આ જ સમયગાળામાં એક ટર્નિંગ પોઈન્ટ આવ્યો. યુવાનની જિંદગીમાં બે ઘટના બની. જે ઘટનાઓએ તેને ભીતરથી હચમચાવી નાખ્યો અને તેને સાચા પ્રેમની પરિભાષાનો પણ ખ્યાલ આવી ગયો. પહેલી ઘટના તો નગરશેઠ ધંધામાં નુકસાન ભોગવીને અચાનક સાવ સાધારણ આર્થિક સ્થિતિમાં આવી ગયા. જેની ચર્ચા આખા ગામમાં થવા લાગી હતી. બીજી તરફ આર્થિક રીતે પાયમાલ થયેલા નગરશેઠના દીકરા પ્રેમીનો સાથ છોડીને પેલી યુવતીએ પોતાની સાથે જ કોલેજમાં ભણી ચુકેલા પેલા તેજસ્વી યુવાન સમક્ષ પ્રેમલગ્નનો પ્રસ્તાવ મૂક્યો, જે પેલા યુવાને તરત જ સ્વીકારી પણ લીધો.

પ્રેમમાં નિષ્ફળ રહેલા નગરશેઠના યુવાન દીકરાને પોતાના પિતાએ કહેલી વાતો યાદ આવી. તેને પ્રેમના નામે સ્વાર્થ અને દગોફટકો મળ્યો એ વાતની પ્રતીતિ તેને થઈ ગઈ. યુવતીનું અંતિમ લક્ષ્ય પ્રેમ નહીં, પરંતુ પોતાની ભાવિ જિંદગી સુખમય અથવા એશોઆરામવાળી કઈ રીતે બનાવી શકાય તે જ હતું. યુવતીએ પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે બદલાવવાનું પસંદ કર્યું અને પૈસા ખાતર પ્રેમને તરછોડી દીધો.

**સ્ટોપર :**

**'પૂછા જો ઉસને, કયા ચલ રહા હૈ?**
**હમને ભી કહ દીયા, સાંસે...'**